જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૪ । શનિવાર । તા. 3-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

દિવાળી આવી ત્યારે કદાચ રાજ્ય ના ફટાકડા બજારો માં આગ લાગે ત્યારે શું?

દિવાળી પહેલા ફટાકડા અને આર્મ્સ ફેકટરીઓ માં આગ ની દુર્ઘટના સર્જાય ત્યારે અરેરાટી ઉપજે છે ત્યારે જો દિવાળીમાં ફટાકડા બજાર માં આગ લાગે ત્યારે સર્જાતી પરિસ્થિતિઓ ના દાખલા વડોદરા સહિત ના શહેરો માં બન્યાજ છે ત્યારે આ દિવાળી માં હરખપદુડા ગ્રાઉન્ડ ના માલિકો ફટાકડા ના વેપારીઓ પાસે થી કમાઈ લેવાની લ્હાય માં સ્ટોલ વેચી કામ પૂરું થયા નો હાશકારો અનુભવે છે પણ તંત્ર ને સરકારી પ્રોગ્રામો માં થી નવરાશ મળે તો જાહેરનામું બહાર પાડી શકે ને?

ફટાકડા વેંચતા વહેપારીઓ પાસે નીચે મુજબ ની પરવાનગીઓ અને સુરક્ષાના સાધનો જરૂરી છે

૧ એક્સપ્લોસીવ લાયસન્સ

૨. સ્થાનિક નગરપાલિકા કે કોર્પોરેશન નું લાયસન્સ.

૩ પોલીસ વેરિફિકેશન અને પરવાનગી.

૪. પૂરતા ફાયર એક્ટીબ્યુસર , રેતી,પાણી ની વ્યવસ્થા.

૫. ફાયર એક્ટીબ્યુસર એક્સપયરી ડેટ ના છે કે સમયસર રિફીલિંગ થયેલા છે તેની ચકાસણી કરવી,અને તેના ઉપયોગ નું જરૂરી જ્ઞાન સ્ટોલ ધારક ને છે?

૬. સ્ટોલ વચ્ચે નું અંતર આગ ના સંદર્ભે ફાયર ફાઇટર જઇ શકે તેમ છે?

૭. નગર પાલિકા કે કોર્પોરેશન દ્વારા વેચાણ સમયે સ્થળ નજીક આગશામક વાહન ઉભા રાખવામાં આવે છે?

૮. ફટાકડા ના વેપારી અને ફટાકડા લેવા આવતા ગ્રાહકો નો ગ્રુપ જનરલ ઈન્સ્યોરન્સ સ્ટોલ આપનાર કે સ્ટોલ ધારકે ઉતાર્યો છે તેની ચકાસણી કર્યા બાદ જ ફટાકડા વેચાણ નો હંગામી પરવાનો અપાય છે? કે રામેરામ...

ભરૂચ માં પણ મળતા અહેવાલો મુજબ ઉપરોકત વિષયે ઘણી ત્રુટીઓ જોવા મળેલ છે તો તંત્ર તાત્કાલિક પગલાં લેશે કે વ્હાલા દવલા ની નીતિ માં અઘટિત ઘટના ની રાહ જોશે?



સ્ટેચ્યુના લોકાર્પણ બાદ સ્થાનિક આદિવાસીઓને કાઢી, બહારના લોકોની ભરતી કરતા વિવાદ

૨૦૦ જેટલા આદિવાસી કામદારો જે નિર્માણ કાર્ય માં હતા તેમને છુટા કરતા મચ્યો હોબાળો

રાજપીપળા : સ્ટેચ્યુના લોકાર્પણ બાદ આડ અસરનો પ્રારંભ થયો છે અને આદિવાસીઓએ લડીને જ હક લેવાનો હોય એમ સ્ટેચ્યુના નિર્માણ માં મહેનત કરનાર સ્થાનિક ૩૦૦૦ થી વધુ કામદારો ને હવે કામગીરી પૂર્ણ થતા છુટા કરી દેવાયા છે ત્યારે ગત રોજ જયારે સ્ટેચ્યુ માં ખાનગી એજન્સીઓને કામગીરી સોંપાઈ જેમાં સફાઈ, સિક્યુરિટી, સુપરવિઝન, સહીતના કર્મચારીઓ ની ભરતી કરવામાં આવી જે બાબત ની સ્થાનિક યુવક યુવતીઓ ને ખબર પડી ત્યારે તેઓ પણ પોતાની ઉમેદવારી નોંધાવા ગયા અને આવા ૨૦૦ સ્થાનિક આદિવાસી યુવક યુવતીઓને સ્થાનિક ને નથી લેવાના કહી અંદર પ્રવેશ આપવામાં આવ્યો નહિ અને જે હતા તેમને પણ બહાર કાઢી મુખ્ય સાથે અન્ય રાજય અને જિલ્લાના યુવકોને લેવા જતા આ યુવકોએ હોબાળો મચાવ્યો હતો. સ્થાનિક આદિવાસીઓને કાઢી, બહારના લોકોની ભરતી કરતા થયો વિવાદ ઉભો થયો અને કોન્ટ્રાક્ટરે પોલીસ બોલાવી પડી હતી તમામ ભરતી માં સ્થાનિકોની પહેલી પસન્દગીની માંગની વાત પોલોસ વચ્ચે રહી સમજાવટ બાદ કોન્ટ્રાક્ટરે વચન આપતા સ્થાનિકો શાંત પડ્યા.

નવાગામના દિપક તડવી એ જણાવ્યું હતું કે આદિવાસી ઓની જમીનો લીધી કહ્યું કે રોજગારીની તકો ઉભી થશે, લોકાર્પણ માં મોદી એ પણ કહ્યું કે રોજગારીની તકો સ્થાનિકો ને મળશે ત્યારે હંમેશા અમારે ઘર્ષણ માં જ કેમ ઉતરવું પડે છે જો સ્થાનિકો સિવાય બીજાને કોઈ પણ જગ્યાએ નોકરી પર રાખ્યા તો અમે આંદોલન કરીશું, અને નિર્માણ કામગીરીમાં ખુબ મહેનત કરી છે, કે સ્ટેચ્યુ અમારું જીવન બદલશે પણ આ ખાનગી કૂન્ટ્રાકટરો દ્વારા એવું નથી કરાતું જેથી સ્થાનિકો ને રોજગારી મળે એ માટે અમને નોકરીએ રાખો ની માંગ કરી હતી.

વિધાનસભા ચૂંટણી ૨૦૧૮ : ૩ રાજ્યો માટે ભાજપાના ઉમેદવાર જાહેર

ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીએ શુક્રવારનાં રોજ મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીને માટે પોતાની પહેલી યાદી જાહેર કરી છે. બીજેપીએ મધ્યપ્રદેશને માટે ૧૭૭ ઉમેદવારોનાં નામની જાહેરાત કરી છે. આ સિવાય બીજેપીએ તેલંગાના માટે ૨૮ અને મિઝોરમ માટે ૨૪ ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પોતાની પરંપરાગત સીટ બુધનીથી ચૂંટણી લડશે. બીજેપીએ રાજ્ય સરકારમાં મંત્રી માયા સિંહની ટિકીટ કાપી દીધી છે. આ વખતે ગ્વાલિયર પૂર્વથી સતીશ સિકરવારને ટિકીટ આપવામાં આવી છે. બીજેપીની પહેલી યાદીમાં ૧૭૭ ઉમેદવારોનાં નામની જાહેરાત કરવામાં આવી કે જેમાં ૨ વર્તમાન મંત્રી અને ૨૭ ધારાસભ્યોની ટિકીટ કાપી નાખી છે.

પહેલી યાદીમાં બીજેપીએ મંત્રી માયા સિંહ સહિત ૨૭ વર્તમાન ધારાસભ્યની ટિકીટ કાપી દેવામાં આવી છે. ગૌરીશંકર શેજવારને પણ બીજેપીએ ટિકીટ નથી આપી. માયા સિંહ ગ્વાલિયરનાં ધારાસભ્ય છે. ગૌરીશંકર શેજવારનાં પુત્ર મુદિત સેજવારને સાંચીથી ટિકીટ આપવામાં આવી છે. વિદિશામાં મંત્રી સૂર્યપ્રકાશ મીણાની ટિકીટ કાપી દેવામાં આવી છે.

અંકલેશ્વર માં કથિત ડુપ્લીકેટ યુરિયા બને છે!?

બિન સત્તાવાર સૂત્રો દ્વારા કેટલાક માથાભારે ઈસમો દ્વારા ડુપ્લીકેટ યુરિયા બનાવવા નું કૌભાંડ ચાલુ થાય ની ચર્ચા છે ત્યારે જાણવું જરૂરી છે કે શું મંડળી ઓ ને આપવામાં આવતા યુરિયા ખાતર નું ડાઈઝ બનાવતી ફેકટરીઓ માં સપ્લાય કરી સરકારી ભાવે મળતા યુરિયા ખાતર ને ડાઈઝ કેમિકલ બનાવતા ઉદ્યોગપતીઓ ને મોંઘા ભાવે વેચી ખેડૂતો ના કે મંડળીઓ ના નામે રોકડી તો નથી કરાતી ને ? વળી એક ચર્ચા એમ પણ છે કે બિરલા કોપર જેવા ઉદ્યોગો માંથી નીકળતા જીપસમ ને ખાતર સાથે ભેળવી નકલી ખાતર કે યુરિયા તો નથી બનાવાતું ને!? વિષય ગમેતે હોય પણ ક્યાંક ને ક્યાંક ખેડૂતો નો હક્ક છીનવાય છે અથવા ખેડૂતો સાથે છેતરપિંડી થાય છે એવી શંકા નકારી ન શકાય .આ બાબતે યુરિયા ઉત્પાદકો એ અંકલેશ્વર ની યુરિયા વેચતી મંડળીઓ પર વેચાણ અને સ્ટોક ની ખરાઈ કરવી જોઈએ અને પોલીસે પણ સક્રિય થઈ આવા તત્વો ને જેર કરવા જોઈએ એમ પ્રજા ઈચ્છે છે ત્યારે અંકલેશ્વર વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક, એલસીબી અને ચાર્ટર કામગીરી કરતી એસઓજી એ પણ તપાસ નો દોર હાથ માં લેવો જોઈએ.

ગો બેક ગો બેક યોગી ,ઉત્તરપ્રદેશ ને લૂંટી લીધું શું હવે ગુજરાત ને લૂંટવા આવ્યા છો...ના નારા સાથે આદિવાસીયો નું વિરોધ પ્રદશન ,ચાર ની અટક



રાજપીપળા : આદિવાસી આગેવાનો ો ટ્રે નો વિોધ આજે પણ યથાવતાજ જોવા મળ્યો હતો ત્યારે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી અને સી એમ રૂપાણી શુક્રવારે સ્ટેચ્યુ ની મુલાકાતે આવ્યા ત્યારે શરૂઆત થી સ્ટેચ્યુ નો વિરોધ કરતા આદિવાસી દ્વારા નવા નવા સુત્રોચાર કર્યા જેમાં ગો બેક ગો બેક યોગી ,ઉત્તરપ્રદેશ ને લૂંટી લીધું શું હવે ગુજરાત ને લૂંટવા આવ્યા છો , હમારે આદિવાસી ક્ષેત્ર મેં ભવન બનાને કે લીએ ખુદ ઉત્તરપ્રદેશ સે જમીન લેકર આયે , હિન્દૂ મુસ્લિમ ની રાજનીતિ કરનારા એન્કાઉન્ટર સ્પેસ્યાલીસ્ટ યુ પી સી એમ યોગી શું આદિવાસીઓ ને ડરાવવા આવ્યા હતા ...? આદિવાસીઓ ને ડરપોક ના સમજતા ,મોદી , યોગી ,શાહ રૂપાણી તમારી હિટલરશાહી અંત નજીક છે ,પર્યાવરણ ,ભારતીય બંધારણ અને આદિવાસીઓ નો વિરોધ બંધ કરો જેવા નારા લગાવી કાળા વાવટા ફરકાવતા આદિવાસીઓ પૈકી ડૉ.પ્રફુલભાઈ દેવજીભાઈ વસાવા ,બાલુભાઈ શેરાભાઈ તડવી ,બાલુભાઈ લાલજીભાઈ તડવી અને પીન્કેશ કાલિદાસભાઈ વસાવા ની સી એમ રૂપાણી અને યોગી ની મુલાકાત વખતે કાળા વાવટા ફરકાવી વિરોધ કરવા બદલ સવારે ૧૧-૩૦ કલાકે કેવડિયા પોલીસે જી પી એક્ટ કલમ ૬૮ મુજબ અટક કરી બપોરે ત્રણ વાગે ચારેય ને મુક્ત કર્યા હોવાનું કેવડિયા પોલીસે જણાવ્યું હતું .

આદિવાસિયો ના વિરોધ વચ્ચે ઉત્તરપ્રદેશના સી. એમ.ની સ્ટેચ્યુ મુલાકાત

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સમગ્ર મુલાકાત દરમ્યાન સાથે રહી યોગી આદિત્યનાથજીને વિગતો પૂરી પાડી સ્ટેચ્યૂ ઓફ યુનિટીએ સરદાર સાહેબ અને ગુજરાતની ગરિમા ઉન્નત કરી છેઃ-યોગી આદિત્યનાથ



રાજપીપળા : ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીએ ભારતની એકતા અખંડિતતાનો વિશ્વને સાક્ષાત્કાર કરાવીને આવનારી પેઢીઓ સુધી એક ભારત-શ્રેષ્ઠ ભારતનો ભાવ પ્રેરિત કરતા વિશ્વના સૌથી ઊંચા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' સરદાર સાહેબની વિરાટત્તમ પ્રતિમાની નિરીક્ષણ મુલાકાત કેવડીયા પહોંચીને કરી હતી.મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ તેમને ગુજરાત સરકાર અને સૌ ગુજરાતીઓ વતી આવકાર્યા હતા.

વિજયભાઇ રૂપાણીએ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી સાથે વેલી ઓફ ફલાવર્સ, ટેન્ટ સિટી, સરદાર સાહેબના જીવન કવનના પ્રદર્શન, વોલ ઓફ યુનિટી સહિતના સમગ્ર પરિસરની મુલાકાતમાં સાથે રહીને વિસ્તૃત વિવરણ આપ્યું હતું.

યોગીએ સરદાર સાહેબને ભાવાંજલિ આપતાં કહ્યું કે, દેશની એકતા અખંડિતતાના આ શિલ્પીની વિરાટત્તમ પ્રતિમા રાષ્ટ્રની વૈશ્વિક ઓળખ બની છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન અને દૃઢ સંકલ્પ સાથે સરદાર સાહેબની વિશ્વની ઊંચામાં ઊંચી પ્રતિમાનું નિર્માણ કરાવીને સરદાર સાહેબ અને ગુજરાતનું ગૌરવ ઉન્નત કર્યું છે તેમ પણ ઉમેર્યું હતું.

યોગી આદિત્યનાથજીએ પ્રચાર માધ્યમો સાથે સંવાદ સાધતા કયુ કે, પદ્દર રજવાાઓને એક કરીને ભારત વર્ષને એકતાના તાંતણે બાંધનારા સરદાર હેબનું આ કાર્ય આવનારા યુગો સુધી યુવા પેઢીને પ્રેરણા આપશે એ રાષ્ટ્રચેતનાનો સંચાર કરશે. સરદાર સાહેબની કલ્પનાને સરદાર સરોવ બંધના નિર્માણ સાથે સાકાર કરીને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના કિસાનોને સિંચાઇની સુવિધા આપીને, ગુજરાતને સમૃદ્ધિ તરફ લઇ જવા વિકાસ ના ઘ?વાર ખોલી આપ્યા છે. એવી આ ભુમિના સ્થાનિક આદિવાસીઓ માટે સ્ટેચ્યૂ ઓફ યુનિટીને વર્લ્ડ કલાસ ટૂરિઝમ સેન્ટર તરીકે વિકસાવીને ટૂરીસ્ટ ગાઇડ તરીકે રોજગાર અવસર પૂરા પાડયા છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે નર્મદા નિગમના સીએમડી એસ.એસ.રાઠોર, નિગમના સંયુકત વહીવટી સંચાલક સંદીપકુમાર, જિલ્લા કલેકટર આર.એસ.નિનામા, જિલ્લા વિકાસ અધિકારી ર્ડા.જીમ?સી વિલિયમ?સ, નાયબ વન સંરક્ષક ર્ડા.કે.શશીકુમાર અને પ્રતિક પંડયા, નિગમના ચીફ એન્જિનિયર પી.સી.વ્યાસ સહિત અધિકારીઓ જોડાયા હતા.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ક્રમમાં ભારતે મારેલી છલાંગના પીએમ મોદીનાં વખાણ

નરેન્દ્ર મોદી આપશે ૫૯ મીનીટમાં ૧ કરોડની લોન

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોને એક કલાક કરતા પણ ઓછા સમયમાં એક કરોડ રૂપિયાની લોન આપતી યોજનાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, અમારી સરકારે આ વ્યાપારીઓ માટે ૧૨ મોટા અને ઐતિહાસિક નિર્ણય લીધા છે. જેની અસર પણ જોવા મળે છે.

આ પ્રસંગે વડાપ્રધાન ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ક્રમમાં ભારતે મારેલી છલાંગના પણ વખાણ કરતા તેને અવિશ્વસનિય ગણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમ માટે સરકારની સપોર્ટ એંડ આઉટરીચ ઈનિશેટિવના લોંચિંગ પ્રસંગે ૫૯-મીનીટ લોન પોર્ટલનું અનાવરણ કર્યું હતું. પોર્ટલ લોંચ કર્યા બાદ વડાપ્રધાને કહ્યું હતું કે, આ પોર્ટલ મારફતે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યમોને માત્ર ૫૯ મીનીટમાં જ ૧ કરોડ રૂપિયા સુધીની લોનની મંજૂરી મળી જશે.

પીએમ મોદીએ કહ્યું હતું કે, તેમની સરકારે એમએસએમઈ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે ૧૨ નીતિઓને અંતિમ રૂપ આપી દીધું છે. આ નીતિઓને 'દિવાળીની ભેટ' ગણાવતા વડાપ્રધાને કહ્યું હતું કે, આ નીતિઓથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે મુડી/ક્રેડિટ સુધી પહોંચ વધશે. તેમણે કહ્યું હતું કે, આ નીતિઓની આ સેક્ટરને પ્રોત્સાહન મળશે અને રોજગારીની તકો ઉભી થશે. ૫૯ મીનીટમાં ૧ કરોડ રૂપિયા સુધીની લોનની યોજના પણ આ ૧૨ નીતિઓમાં શામેલ છે.

એમએસએમઈના વખાણ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, આ સેક્ટરના કારણે ભારત એક ઈકોનોમિક પાવરહાઉસ બની ચુક્યું છે. આ આઉટરીચ પ્રોગ્રામ ૧૦૦ દિવસ સુધી ચાલશે અને આને અંતર્ગત ૧૦૦ જીલ્લાઓને આવરી લેવામાં આવશે .

આ પ્રસંગે વડાપ્રધાને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેંકિંગમાં ભારતે મારેલી છલાંગને અવિશ્વસનીય ગણાવી હતી. વડાપ્રધાને કહ્યું હતું કે, ભારતે એ કામ કરી બતાવ્યું છે જેની લોકોએ કલ્પના પણ નહોતી કરી. હવે ભારતે ઈઝ ઓફ ડુઈંગના ટોપ ૫૦ દેશોની યાદીમાં આવવું દૂર નથી. ઉલ્લેખનીય છે કે, વર્લ્ડ બેંક દ્વારા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેશ રેંકિંગ ૨૦૧૮માં ભારતે ૨૩ પોઈન્ટની છલાંગ લગાવીને ૭૭ મો ક્રમાંક હાંસલ કરી લીધો હતો. ભારતમાં એમએસ એમઈ સેક્ટરનું નેટવર્ક ખુબ જ વિશાળ છે. દેશમાં ૬.૩ કરોડથી પણ વધારે એમએસએમઈ યૂનિટ કાર્યરત છે જેમાં ૧૧.૧ કરોડ લોકોને રોજગારી મળે છે. દેશની જીડીપીમાં એમએસએમઈ સેક્ટરનું યોગદાન લગભગ ૩૦ ટકા છે. દેશની કુલ નિકાસમાં લગભગ ૪૦ ટકા ભાગીદારી આ સેક્ટરની છે. તેવી જ રીતે મેન્યૂફેક્ચરિંગ આઉટપુટમાં એમએસ એમઈની ભાગીદારી લગભગ ૪૫ ટકા છે.

ઈન્ડિગોના બે વિમાન અથડાતા અથડાતા રહી ગયા

૩૦૦ યાત્રિકો સાથે આકાશમાં સામ સામે આવી ગયા બે વિમાન

ચેન્નાઈથી ગુવાહાટી અને ગુવાહાટિથી કોલકત્તા તરફ જઈ રહેલ બે વિમાનો એકબીજાની ખૂબ જ નજીક આવી ગયા હતા

કોલકત્તા

એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (એએઆઈ)ના અધિકારીઓએ જણાવ્યુ કે ભારત અને બાંગ્લાદેશના બોર્ડર હવાઈ વિસ્તારમાં અધવચ્ચે હવામાં ઈન્ડિગોના બે વિમાન એટલી નજીક આવી ગયા હતા કે તે અથડાતા અથડાતા રહી ગયા. સંભવિત ટક્કરથી માત્ર ૪૫ સેકન્ડ પહેલા, કોલકત્તામાં એર ટ્રાફિક કંટ્રોલર (એટીસી)એ એક વિમાનને જમણી તરફ વળી જવા અને બીજા વિમાનને દૂર જવા આદેશ આપ્યો, જે એ જ ઊંચાઈ પર જઈ રહ્યુ હતું. કોલકત્તા એરપોર્ટના એક વરીષ્ઠ અધિકારીએ જણાવ્યુ કે, લો કોસ્ટ એરર કેરીયર ઈન્ડિગો સાથે સંકળાયેલ બન્ને વિમાન એક જ ઊંચાઈ પર ઉડી રહ્યા હતા અને એકબીજા માટે ખતરો બની ગયા હતા. એક વિમાન ચેન્નાઈથી ગુવાહાટી જઈ રહ્યુ હતુ અને બીજુ ગુવાહાટીથી કોલકત્તા તરફ જઈ રહ્યુ હતું. વિમાન સાંજે ૦૫:૧૦ મિનિટે એકબીજાની ખૂબ જ નજીક આવી ગયા હતા. તે સમયે કોલકત્તાની ઉડાણ બાંગ્લાદેશ હવાઈ વિસ્તારમાં ૩૬ હજાર ફુટની ઊંચાઈ પર અને બીજુ વિમાન ભારતીય હવાઈ વિસ્તારમાં ૩૫ હજાર ફુટની ઊંચાઈ પર હતુ. અધિકારીએ જણાવ્યુ કે, બાંગ્લાદેશ એટીસીએ કોલકત્તાની ઉડાણથી ૩૫ હજાર ફુટ સુધી આવવા માટે કહ્યુ હતુ અને જ્યારે વિમાને આદેશનુ પાલન કર્યુ તો આ તે વિમાનની ખૂબ જ નજીક આવી ગયુ હતુ જે ૩૫ હજાર ફૂટની ઊંચાઈ પર ઉડી રહ્યુ હતું. જોકે સાવચેતી દાખવવામાં આવ્યા બાદ આ એક મોટી દુર્ઘટના થતા થતા રહી ગઈ.

ભાજપ મધ્યપ્રદેશની ચૂંટણી હારી શકે છે : સ્ટેટ આઈબી રિપોર્ટ

ભોપાલ

મધ્યપ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડી શકે છે તેવો અહેવાલ ખુદ મધ્યપ્રદેશના ઈન્ટેલિજન્સ બ્યૂરોએ સરકારને સુપ્રત કર્યો છે.

આ રિપોર્ટના પગલે ભાજપ અને શિવરાજસિંહ ચૌહાણની ઉંઘ હરામ થઈ ગઈ છે. તેમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૩૦ બેઠકોમાંથી ૧૨૮ બેઠકો પર કોંગ્રેસ આગળ નીકળી શકે છે.

એક દાયકાથી મધ્યપ્રદેશમાં શાસન કરી રહેલા ભાજપને આ વખતે ૯૨ બેઠકો મળવાના અને બસપા તેમજ સપાને અનુક્રમે ૬ અને ૩ બેઠકો મળવાના એંધાણ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભાજપ સરકારના ૧૦ મંત્રીઓ માટે ચૂંટણી જીતવી આ વખતે મુશ્કેલ છે.કોંગ્રસને સૌથી વધાર ફાયદો ગ્વાલિયર અને ચંબલ ક્ષેત્રમાં થશે. અહીંની ૩૪માંથી ૨૪ બેઠકો પર કોંગ્રેસ જીતી શકે છે.


બુંદેલખંડમાં ૨૬માંથી ૧૩ બેઠકો ભાજપના, વિંધ્યાચલમાં ૩૦માંથી ૧૮ બેઠકો કોંગ્રેસના, મહાકૌશલ ક્ષેત્રમાં ૩૮માંથી ૨૨ બેઠોક કોંગ્રેસના ફાળે જઈ શકે છે.

છત્તીસગઢ હુમલા બાદ નક્સલીઓની સ્પષ્ટતા

પત્રકારો અમારા દુશ્મન નથી, તેઓ અમારા ટાર્ગેટ નહતા

છત્તીસગઢમાં મંગળવારે થયેલ નક્સલી હુમલામાં ડીડીના કેમેરામેન અચ્યુતાનંદ સાહુનુ પણ મોત થયુ હતુ

નવી દિલ્હી



છત્તીસગઢના દંતેવાડામાં નક્સલી હુમલામાં માર્યા ગયેલ દૂરદર્શનના પત્રકાર અચ્યુતાનંદ સાહુનુ મૃત્યુ અને મીડિયાને નિશાન બનાવવાને લઈ નક્સલીઓ દ્વારા એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે. પોતાની સ્પષ્ટતામાં નક્સલીઓએ જણાવ્યુ છે કે, અમે મીડિયાને ટાર્ગેટ કરવા નહતા માંગતા. નક્સલીઓએ જણાવ્યુ છે કે, પત્રકારો અમારા દુશ્મન નથી. તેઓ (મીડિયા કર્મીઓ) પોલીસ કે જવાનો સાથે ન આવે. મહત્વનુ છે કે, મંગળવારે નક્સલીઓ દ્વારા કરવામાં આવેલ હુમલામાં ડીડીના કેમેરામેન અચ્યુતાનંદ સાહૂનું પણ મોત નિપજ્યુ હતું. ત્યારે નક્સલીઓ દ્વારા એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પત્રને ભારતની કોમ્યુનિસ્ટ પાર્ટી (માઓવાદી), દરભા ડિવીઝન કમિટી તરફથી જાહેર કરાયો છે. જેમાં લખવામાં આવ્યુ છે કે, છત્તીસગઢ રાજ્ય બન્યા બાદ હવે ચોથી વખત વિધાનસભાની તૈયારી થઈ રહી છે અને રાજકીય દળો નાગરીકોને ગેરમાર્ગે દોરવા માટે ખોટા વચનો આપી રહ્યા છે. નક્સાલીઓએ વિધાનસભા ચુંટણીનો બહિષ્કાર કરવાની પણ ધમકી આપી છે. સાથે જ તેમણે મંગળવારે થયેલ હુમલા અંગે જણાવ્યુ કે, અમારો ટાર્ગેટ મીડિયાકર્મીઓ નહતા. તેઓ અમારા દુશ્મન નથી.

ટેન્ટ સીટીનું ભાડુ ૪૫૦૦થી ૨૪૦૦૦રૂ.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી : બાપ..રે... ૫ સ્ટાર હોટલ કરતા પણ ટેન્ટ મોંઘો, ૧૨૫ ગ્રામ ખમણના ૫૦રૂ...?!!

કેવડિયા

સ્ટેચ્યૂ ઓફ યુનિટીને ટેન્ટ સિટીને ધંધો બનાવી દીધો હોય તેમ લાગી રહ્યું છે. ૨૫૦ ટેન્ટ ધરાવતી આ ટેન્ટ સિટીનો કોન્ટ્રાક્ટ ભાજપના નજીકના મનાતા લોકોને આપવામાં આવ્યો છે. પરિણામે ટેન્ટ સિટીનું ભાડૂં ફાઈવ સ્ટાર હોટલ કરતા પણ વધુ નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આપવામાં આવેલા આ ખાનગી કોન્ટ્રાક્ટને જોતા એવું લાગે છે કે પ્રવાસન નિગમે પણ પોતાના મળતીયાઓને પ્રવાસીઓને લૂંટવા માટેનો પરવાનો આપી દીધો હશે.

ટેન્ટ સિટીમાં ભાડાનો દર રૂ.૪૫૦૦થી ૨૪૦૦૦ હજાર સુધીનો રાખવામાં આવ્યો છે. એટલું જ નહીં સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં આવેલા ટેન્ટ સિટીમાં કાફેટેરિયાનો નાસ્તાના દર પણ ખુબ જ વધુ રાખવામાં આવ્યા છે. જેમાં એક ચાના ૨૦ રૂપિયા તેમજ ૧૨૫ ગ્રામ ખમણના ૫૦ રૂપિયા રાખવામાં આવ્યા છે. આ સાથે એમઆરપી ઉપર જીએસટી લાગુ થશે. ગઈકાલથી પ્રવાસીઓ માટે શરૂ થયેલા સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં ટેન્ટ સિટી અને કેફેટેરિયાના ભાવ સામે વિરોધનું વાતાવરણ ઉભુ થયુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ૩૧મી ઓક્ટોબરના રોજ અનાવરણ કરી દેવામાં આવ્યું હતું. તે પછી ગઈકાલથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી જોવા માટે પ્રવાસીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું, જેમાં પ્રવાસીઓના રહેવા માટે બનાવામાં આવેલા ટેન્ટનું ભાડું ખુબ જ ઊંચુ રાખવામાં આવ્યું છે. તો ચા- નાસ્તાનો ભાવ પણ ખુબ વધુ રાખવામાં આવ્યું છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે તળાવ કિનારે ટેન્ટ સિટી તૈયાર કરવામાં આવી છે. વીઆઈપી અને જનરલ બે પ્રકારના ટેન્ટ બનાવવામાં આવ્યા છે. વીઆઈપી ટેન્ટ જેમાં એસી અને ડીલક્ષ એસી ટેન્ટ છે. જયારે જનરલ ટેન્ટ એસી વગરનો છે.એક નાઈટ અને બે દિવસનું પેકેજ છે તેમાં નોન સ્ટાન્ડર્ડ નોન એસી ટેન્ટમાં એક વ્યક્તિનું રહેવાનું ભાડૂં ૪૫૦૦ છે જેમાં ૧૮ ટકા જીએસટી લાગુ થશે.આ સાથે જીએસટી પણ ચુકવવો પડશે. બે દિવસ અને ૩ રાત માટે પ્રિમીયમ એસી ટેન્ટનું ભાડુ એક વ્યક્તિ માટે ૧૮૦૦૦ પ્લસ જીએસટી છે. જયારે કપલ માટે ૨૪૦૦૦ હજાર ભાડુ પ્લસ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે.

વિચિત્ર કિસ્સો: સપનામાં રામ દેખાતા હોવાથી વ્યક્તિની ધર્મપરિવર્તનની માંગણી

શામલી

ઉત્તરપ્રદેશના શામલીમાં ધર્મ પરિવર્તનનો એક વિચિત્ર કિસ્સો બહાર આવ્યો છે. અહીંયા એક વ્યક્તિએ જિલ્લા કલેક્ટર પાસે જઈને ધર્મપરિવર્તનની માંગ કરી છે. આ માટે તેણે કારણ આપ્યુ છે કે મને સપનામાં રામ ભગવાન દેખાય છે.

ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા શહેજાદ રાણા પોતાના છ વર્ષના પુત્ર સાથે કલેક્ટર પાસે પહોંચ્યા હતા. શહેજાદે કહ્યુ હતુ કે મારા પૂર્વજો હિન્દુ ધર્મ ત્યાગીને મુસ્લિમ બન્યા હતા. જોકે મારી આસ્થા હિન્દુ ધર્મમાં છે. મને સપનામાં પણ ભગવાન રામ દેખાય છે. એટલે વગર કોઈ દબાણે હું ધર્મ પરિવર્તન કરવા માંગુ છું.

શહેજાદે પોતાનુ નામ બદલીને સંજુ અને પુત્રનુ નામ સુમેરથી બદલીને શેખર પણ કરી નાંખ્યુ છે. જોકે શહેજાદની પત્ની અને બીજો પુત્ર ધર્મ પરિવર્તન કરવા માટે તૈયાર નથી. કલેક્ટરનુ કહેવુ છે કે આ મુદ્દા પર હું કશું કહી શકુ તેમ નથી. કારણકે આસ્થા અને ધર્મ દરેક વ્યક્તિની અંગત બાબત છે.

ગોડાદરા રોડ પર મોપેડ સવાર બેને બાઈક સવારોએ પટકાર્યા

સુરત - ગોડાદરા નવો રોડ પુણા પાટીયા યુનાઈટેડ ટેક્ષટાઈલ માર્કેટ પાસે મોટર સાયકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ એક્ટીવા ચાલક તથા પાછળ બેઠેલા ઈસમ પર લાકડીના દંડા વડે માર મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હોવાનો બનાવ પુણા પોલીસ મથકે નોંધાયો હતો.

પુણાગામ ભૈયાનગર માધવદીપ કોમ્પ્લેક્ષ ખાતે મહેન્દ્રસિંહ રામસિંહ દેસાઈ રહે છે. ગતરોજ રાત્રિના સુમારે મહેન્દ્રસિંહ દેસાઈ પોતાની એક્ટીવા મોટર સાઈકલ પર આવી રહ્યા હતા. ત્યારે કાળા કલરની મોટર સાયકલ પર આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ તેમની એક્ટીવા થોભાવીને કહ્યું હતું કે, ''આજ છે'' અને એક્ટીવા ફેકી દઈ લાકડીના દંડા વડે પાછળ બેઠેલા વ્યક્તિને માર મારી ઘૂંટણના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકે પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩ તથા ૩૨૫, ૧૧૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દિલ્હીમાં એર પોલ્યુશન ખતરનાક સપાટીને પાર: જૂનાં વાહનો જપ્ત કરવાનું શરૂ

ન્યુ દિલ્હી

૮૬૯૧ - એનસીઆરમાં વાયુ પ્રદૂષણે માઝા મૂકી છે. એર પોલ્યુશન ખતરનાક સપાટીને પાર કરી ગયું છે. માત્ર એર કવોલિટી ઈન્ડેકસ (એકયુઆઈ) ખતરનાક સપાટીને પાર જ કરી ગયો નથી, પરંતુ વાતાવરણમાં પીએમ ૧૦ અને પીએમ ૨.૫ જેવા નુકસાનકારક તત્ત્વોનું પ્રમાણ પણ સુરક્ષિત સ્તરથી અનેકગણું વધી ગયું છે.

હવામાન અને પ્રદૂષણ પર નજર રાખતી સિસ્ટમ સફર દ્વારા રવિવાર સુધીમાં પોલ્યુશનની સમસ્યા વધુ ગંભીર બની જશે એવી ચેતવણી આપી છે. દિલ્હીમાં ખતરનાક સ્તરે પોલ્યુશન પહોંચી જતાં તમામ બાંધકામ કાર્યો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ડેટા અનુસાર દિલ્હીની એર કવોલિટીનો સરેરાશ ઈન્ડેકસ ૩૯૩ નોંધાયો છે જે અત્યંત ખરાબ કેટેગરીમાં આવે છે અને ગંભીર કેટેગરીની સાવ નજીક છે. ગુડગાંવ, ફરિદાબાદ અને નોઈડામાં એકયુઆઈ ૪૧૬ નોંધવામાં આવ્યો છે.

જે ગંભીર કેટેગરીમાં આવે છે. બાંધકામ પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે જેથી ધૂળથી થતા પ્રદૂષણનું સ્તર વધે નહીં. દિલ્હી પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ ટ્રાફિક પોલીસ અને પરિવહન વિભાગને પ્રદૂષણ ફેલાવતા વાહનો પર ચાંપતી નજર રાખવા સૂચના આપી છે. આ સૂચના મુજબ ગુરુગ્રામ પોલીસે ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો પર પગલાં લેવાનું શરૂ કર્યું છે. ટ્રાફિક પોલીસે ૧૭ વાહનો જપ્ત કર્યા છે. પોલીસે જણાવ્યું હતું કે આ રીતની કાર્યવાહી સતત ચાલુ રહેશે.

આ ઉપરાંત દિલ્હી એનસીઆરમાં ચાલતા તમામ હોટમિકસ પ્લાન્ટ અને સ્ટોન ક્રશર પ્લાન્ટ બંધ કરવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત કોલસા અને બાયોગેસથી ચાલતા તમામ ઉદ્યોગો દિલ્હી એનસીઆરમાં બંધ રહેશે.

રૂ. ૮૦૦ કરોડના ખર્ચે ભારતમાં બનશે દુનિયાનો સૌથી લાંબો સમુદ્રી રોપ-વે

ન્યુ દિલ્હી

થોડા સમય પહેલા તમે જોયું હશે કે દુનિયાનો સૌથી લાંબો સમુદ્રી પુલની શરૂઆત ચીનમાં થઈ હતી. પરંતુ હવે એક આલગ પ્રકારનું નિર્માણ કરવાનો સમય ભારતનો છે. તમને જણાવી દઈએ તે દુનિયાનો સૌથી લાંબો સમુદ્રી રોપ-વે મુબઈથી એલિફંટા વચ્ચે બનવા જઈ રહ્યો છે. જેની લંબાઈ ૮ કિલોમીટર રાખવામાં આવી છે. અંદાજો લગાવામાં આવી રહ્યો છે, કે આની પાછળ આશરે ૮૦૦લ કરોડ રૂપિયાનો ખર્ચ થાય તેવી શક્યાતાઓ છે. જેથી મુંબઈથી એલિફંટા જવા માટે એક કલાકને બદલે માત્ર ૧૪ મીનીટમાં પહોચીં શકાશે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટ દ્વારા આ પ્રકારની જાણકારી આપવામાં આવી છે. સરકાર પાસેથી મંજૂરી મળ્યાબાદ આ રોપ-વેના નિર્માણ અંગે ટેન્ડર જાહેર કરવામાં આવશે. મુંબઈ પોર્ટ ટ્રસ્ટના ચેરમેન સંજય ભાટિયાએ કહ્યું કે આ પ્રોજેક્ટને લઈને આશરે એક વર્ષથી અમારી તૈયારી ચાલી રહી હતી. આ સમયગાળા દરમિયાન અમે દરેક પ્રકારના પાસાઓનો અભ્યાસ કર્યો અને ત્યાર બાદ આ પ્રોજેક્ટને અમે સરકાર સમક્ષ રજૂ કર્યો હતો.

ઉલ્ફા બળવાખોરો દ્વારા હત્યા કરવામાં આવી

આસામ : લાઈનમાં ઉભા કરી પાંચ લોકોની ઘાતકી રીતે હત્યા



તિનસુકિયાથી ૩૦ કિલોમીટરના અંતરે હત્યાકાંડના લીધે આસામ સરકાર હચમચી : ઉલ્ફાના બળવાખોરો સક્રિય

ગુવાહાટી

આસામના તિનસુકિયા જિલ્લામાં દેશને હચમચાવી મુકે તેવી ઘટના સપાટી પર આવી છે. અહીં ઢોલા-સાદિયા પુલની નજીક પાંચ લોકોની ઘાતકી રીતે હત્યા કરવામાં આવી છે. પાંચેય લોકોને લાઈનમાં ઉભા રાખીને તેમના પર અંધાધુંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો. ઉલ્ફા બળવાખોરો દ્વારા આ હુમલાને અંજામ આપવામાં આવ્યો છે. સાક્ષીઓની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો કેટલાક સશસ્ત્ર બળવાખોરોએ આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. તિનસુકિયાથી ૩૦ કિલોમીટરના અંતરે સ્થિત વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. તે પહેલા પણ ૧૩મી ઓક્ટોબરના દિવસે ફેન્સી બજારમાં ઉલ્ફા બળવાખોરોએ બોંબ બ્લાસ્ટ કર્યો હતો. જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે પાંચેય લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. જે ઘાયલ છે તેમને તિનસુકિયાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અમે હત્યારાઓની શોધખોળ કરી રહ્યા છીએ. પોલીસને શંકા છે કે ઉલ્ફા બળવાખોરો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો.પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે માર્યા ગયેલા પાંચ લોકો પૈકી ત્રણ એક જ પરિવારના સભ્યો હોવાનુ જાણવા મળ્યુ છે. આધુનિક હથિયારો સાથે સજ્જ રહેલા બળવાખોરો ઢોલા-સાદિયા પુલની નજીક પહોંચી ગયા હતા. આ લોકોએ રાત્રે આઠ વાગ્યાની આસપાસ પાંચથી છ લોકોને ઘરની બહાર બોલાવ્યા હતા. ત્યારબાદ તેમના પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. પાંચની હત્યા કર્યા બાદ આ બળવાખોરો અંધારોનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા. ઉલ્ફા બળવાખોરો હોવાન બાતમી મળી રહી છે. તેમના પર અંકુશ મુકવાના ફરી પ્રયાસો હાથ ધરવાની જરૂર છે. કારણ કે બળવાખોરો ફરી સક્રિય દેખાઈ રહ્યા છે.

ભાગવત અને અમિત શાહ વચ્ચે બંધ બારણે બેઠક થઈ



મુંબઇ

સુપ્રીમ કોર્ટ દ્વારા સૌથી સંવેદનશીલ અયોધ્યા વિવાદની સુનાવણી આગામી વર્ષે જાન્યુઆરી સુધી ટાળી દેવાના નિર્ણય બાદ આ મુદ્દા પર રાજકીય ખેંચતાણ સતત વધી રહી છે. સંઘ અને વિશ્વ હિન્દુ પરિષદ સહિતના અનેક સંગઠનો હવે મંદિર નિર્માણનો માર્ગ મોકળો કરવા વટહુકમ લાવવા માટેની માંગ કરી રહ્યા છે. આવી સ્થિતીમાં ભાજપ પ્રમુખ અમિત શાહ અને સંઘના વડા મોહન ભાગવત વચ્ચે યોજાયેલી બંધ બારણેની બેઠકને ઉપયોગી ગણવામાં આવે છે. આ બેઠક એક કલાકથી વધારે સમય સુધી ચાલી હતી. બેઠકમાં રામ મંદિરના મુદ્દા પર વિસ્તારપૂર્વક વાતચીત થઈ હોવાના હેવાલ મળ્યા છે. સંઘ દ્વારા મંદિર નિર્માણના મુદ્દે આક્રમક વલણ અપનાવવામાં આવ્યા બાદ આ બેઠકને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. સંઘ પ્રમુખ અને શાહ વચ્ચે બંધ બારણે આ બેઠક યોજાઈ હતી. સુત્રોના કહેવા મુજબ આ બેઠકમાં રામ મંદિર અને સબરીમાલા મંદિર પર ચર્ચા કરવામાં આવી હતી. ભાગવત અને શાહ વચ્ચે આ બેઠકમાં અન્ય પાસા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સંઘ પ્રમુખ ભાગવતે વિજયાદશમીના પ્રસંગે પોતાના સંબોધનમાં ફરી એકવાર રામ મંદિર નિર્માણની વાત કરી હતી. ભાગવતે કહ્યુ હતુ કે આના માટે સરકારે જરૂર પડે તો કાનુન બનાવવા માટે પ્રયાસ કરવા જોઈએ. ભાજપ પ્રમુખ અમિત શાહ પણ આ મુદ્દે જાહેરમાં નિવેદન કરી રહ્યા છે.

મોપેડ સવાર દંપતિ પર જાહેર માર્ગમાં અજાણ્યા લોકોનો હુમલો

હુમલામાં મહિલાના ચહેરા પર ગંભીર ઈજા

સુરત

કઠોર-ઘલુડી ગામ જવાના રસ્તા પરથી પસાર થઈ રહેલા દંપતિ પર લાકડાના સપાટા વડે હુમલો કરી ચાર અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના કઠોર ગામના એમ.ડી. રેસીડેન્સી ખાતે કેયુર અરવિંદભાઈ પટેલ રહે છે. તેઓ અને તેની પત્ની મોપેડ લઈને કઠોર ગામથી ઘલુડી ગામ તરફ જવાના રસ્તા પરથી પસાર થતા હતા. ત્યારે મોટર સાયકલ પર આવેલા ચાર અજાણ્યા ઈસમોએ તેમની મોપેડ રોકી લાકડીના સપાટા વડે પત્ની પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત પત્નીના પતિ કેયુરભાઈ કોળી પટેલે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૫-૩૨૬ તથા ૧૧૪ મુજબનો ગુનો ચાર અજાણ્યા ઈસમો વિરૂદ્ધ નોંધી તપાસ હાથ ધરી છે.

ઓક્ટોબરમાં જીએસટી ટેક્સ કલેક્શન ૧ લાખ કરોડ

નવી દિલ્હી

ગુડ્સ એન્ડ સર્વિસેસ ટેક્સ (જીએસટી) કલેક્શને ઓક્ટોબરમાં એક લાખ કરોડ રુપિયાનો આંકડો પાર કરી લીધો છે. ટેક્સ ચોરી પર નિયંત્રણ અને ફેસ્ટિવ સમય હોવાના કારણે ઓક્ટોબરમાં ટેક્સ કલેક્શન ૧,૦૦,૭૧૦ કરોડ રુપિયા રહ્યુ. જીએસટી લાગુ થયા બાદ બીજી વખત ૧ લાખ કરોડ રુપિયાથી વધુ કલેક્શન થયુ છે. અગાઉ એપ્રિલમાં જીએસટીથી સરકારને ૧.૦૩ લાખ કરોડ રુપિયા મળ્યા હતા. સપ્ટેમ્બરમાં આ કલેક્શન ૯૪,૪૪૨ કરોડ રુપિયા રહ્યુ હતું. એક જુલાઈ ૨૦૧૭એ દેશમાં જીએસટી લાગુ થયો હતો. સરકારને નવેમ્બર-ડિસેમ્બરમાં જીએસટી કલેક્શનનો આંકડો ૧ લાખ કરોડ રુપિયાથી ઉપર જવાની અપેક્ષા હતી. જોકે ઓક્ટોબરમાં જ તેને સફળતા મળી હતી. નાણાં મંત્રી અરુણ જેટલીનું કહેવુ છે કે જીએસટીના ઓછા દરો, દેશમાં એક ટેક્સની વ્યવસ્થા અને બીજા ટેક્સ સુધારાઓના કારણે આ સફળતા મળી છે. ઓક્ટોબરમાં સેટલમેન્ટ બાદ કેન્દ્ર સરકારને ૪૮૯૫૪ કરોડ રુપિયા અને રાજ્યોને ૫૨૯૩૪ કરોડ રુપિયા મળ્યા. નાણાં મંત્રાલયના જણાવ્યા મુજબ, સપ્ટેમ્બર મહિનામાં કુલ ૬૭.૪૫ લાખ જીએસટીઆર ફાઈલ થયા છે. વર્લ્ડબેંકના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના રીપોર્ટમાં ભારતને ૭૭મું રેન્કીંગ આપવામાં આવ્યુ છે. ભારતના રેન્કીંગમાં એક વર્ષમાં ૨૩ ક્રમનો સુધારો થયો છે.



૧૬ મહિના બાદ પણ જીએસટી અંગેના જટીલ કાયદા તથા પોર્ટલની સમસ્યાનો હકારાત્મક ઉકલે નહીં આવતા પરેશાન બનેલા વેપારીઓ દ્વારા આજે કોમર્સિયલ ટેકસ બાર એસોસિએશનના ઉપક્રમે સુરત કલેકટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.

જીએસટીનો જટીલ કાયદો : પોર્ટલના વાંકે વેપારીઓ પરેશાન થતા કલેક્ટરને ફરિયાદ

કોમર્શિયલ બાર એસોસિએશને જીએસટી કાઉન્સિલને રજૂઆત કરવા સુરત કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

સુરત

ધી સાઉથ ગુજરાત કોમર્શિયલ ટેક્ષ બાર એસોસિએશને આજે જીએસટી કાઉન્સિલને રજૂઆત કરવા માટે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જીએસટીના અમલના ૧૬ મહિના બાદ પણ જીએસટી નેટવર્ક ઠેર ઠેર હોવાની રજૂઆત કરાઈ હતી.

કલેક્ટરને અપાયેલા આવેદનપત્રમાં ટેક્ષ બાર એસો.ના પ્રમુખ પ્રશાંત શાહ, શશાંક મીઠાઈવાલા, કુમાર દવે, વેપારી પ્રમોદ ભગત, મિતેષભાઈના પ્રતિનિધિ મંડળે આપેલા આવેદનપત્રમાં જણાવ્યા મુજબ જીએસટી કાયદો ખૂબ જ જટીલ છે અને તેનું અમલીકરણ તેનાથી વધુ જટીલ રીતે કરવામાં આવેલ છે. અધિકારીઓની સત્તા અને સિસ્ટમની નિર્બળતા વચ્ચે વેપારીઓની હાલત કફોડી થઈ ગયેલ છે અને આજે જીએસટી કાયદાના અમલના ૧૬ મહિના પછી વેપારીઓ અમુક વ્યવહાર કરતાં પહેલાં વકીલોને પૂછવા જાય છે. ટૂંકી સમય મર્યાદાઓ, ઉપરા ઉપરી એક પછી એક પત્રકોની હારમાળા, સતત થઈ રહેલ બદલાવ અને આકરા દંડને કારણે સરળ બનાવવાના ઈરાદે બનાવાયેલ કાયદો અનેક વેપારીઓ માટે મુશ્કેલીઓ સર્જી રહ્યો છે અને ભારતમાં કર કાયદાઓનું ૯૦ ટકા અનુપાલન કર વ્યવાસ્યિકો દ્વારા જ થાય છે અને તેથી વેપારીઓ વતી સિસ્ટમ સામે રીતસરના તેઓ જજૂમી રહ્યા છે અને સિસ્ટમની નાકામયાબીને હિસાબે વેપારીઓને પૂર્ણ સંતોષ આપી શકે તે માટે અનેકોનેક રજૂઆતો વાર તહેવારે કરી રહ્યા છે. પરંતુ તે પૈકી અનેક રજૂઆતો આજે ૧૬ મહિના પછી પણ ઠેરની ઠેર રહેતા તેઓએ આજે જીએસટી કાઉન્સિલના ચેરમેન વતી કલેક્ટરને આવેદનપત્ર આપી અગત કરેલ છે. તેઓની માંગણી છે કે, જીએસટી નેટવર્ક પર એક સાથે અંદાજે ૧૫૦૦૦૦ રિટર્ન ફાઈલ થઈ શકે છે અને દેશમાં જીએસટી નોંધણી નંબર ધરાવતા વેપારીની સંખ્યા ૧.૧૪ કરોડ છે એટલે કે સર્વરને અપગ્રેડ કરવું પડે તેની કેપેસિટી વધારવી જોઈએ.

અનેકોનેક કિસ્સાઓ એવા છે જેમાં વેપારીઓએ અનેક વખત દિવસો દિવસ પ્રયત્ન કર્યા પછી પણ જીએસટી કંપલાયન્સ કરી શક્યા નથી અને જેથી તેઓને ઓછા ઘણાં અંશે નાણાંકીય નુકસાન થયેલ છે.

રિફંડની પ્રક્રિયા ખૂબ જ જટિલ છે અનેક કિસ્સાઓમાં વેપારીઓને રિફંડ ૯૦ દિવસે પણ મળતું નથી. આજે જીએસટી નેટવર્ક સામે કોઈ તકલીફ હોય તો વેપારીઓ કે કર વ્યવસાયીઓ જીએસટી હેલ્પ સેન્ટરમાં ફોન કરી કરીને થાકી જાય છે. અત્યારના હેલ્પ લાઈન પરથી મળતી જ નથી અને હાસ્યાસ્પદ જવાબ મળે છે.

પોર્ટલની ખામીને કારણે છેલ્લા દિવસે રિટર્ન ના ભરી શકનાર વેપારીને પેનલ્ટીમાંથી મુક્તિ મળવી જોઈએ. આ દરેક રજૂઆત અને સૂચનો જીએસટી સિસ્ટમ તથા પ્રણાલીના છે અને તેને આખા ભારતમાં નેશનલ એકશન કમિટી ઓફ જીએસટી પ્રોફેશનલ્સ દ્વારા ઉપાડવામાં આવેલ છે. નેશનલ એકશન કમિટી ઓફ જીએસટી પ્રોફેશનલ્સના દરેક રાજ્યમાં અને કેન્દ્ર શાષિત પ્રદેશમાં કો ઓર્ડિનેટર છે અને તેની વધુ એક માંગણી દરેક કર વ્યવસાયિકોને જીએસટી કાયદા હેઠળ સમાન ન્યાય મળે તે માટેની પણ છે. જીએસટીના અમલીકરણમાં મહત્ત્વનો ફાળો ભજવનાર જીએસટી પ્રોફેશનલ્સ દ્વારા વેપારીઓના ફાયદા માટે કરાયેલ માંગણીઓને ભવિષ્યમાં અનેક નેતા રાજનેતાઓ, વેપારી મંડળો તથા ચેમ્બરો અને સાંસદો વચ્ચે લઈ જવાના છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે આંદોલન કરવાની પણ ચીમકી આપી

રામ મંદિર મુદ્દે સુપ્રીમ કોર્ટે હિન્દુઓનુ અપમાન કર્યુ : આરએસએસ

ન્યુ દિલ્હી

રામ મંદિરના મામલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સુપ્રીમ કોર્ટને પણ ખરી ખોટી સંભળાવી છે. મુંબઈમાં ત્રણ દિવસની બેઠક પુરી થયા બાદ સંઘના સરકાર્યવાહ ભૈયાજી જોશીએ પત્રકાર પરિષદમાં કહ્યુ હતુ કે સામૂહિક રીતે હિન્દુ સમાજની અપેક્ષા છે કે અયોધ્યામાં રામ મંદિર બને.અમને આશા છે કે સુપ્રીમ કોર્ટ હિન્દુ સમાજની ભાવનાઓને ધ્યાનમાં રાખીને ચુકાદો આપસે.જરુર પડી તો અમે ૧૯૯૨ જેવુ આંદોલન કરીશું.

તેમણે કહ્યુ હતુ કે કોર્ટ થકી મંદિરના નિર્માણમાં બહુ વિલંબ થઈ રહ્યો છે. ૨૦૧૦માં અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદા પછી આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે.અમને આશા છે હતી કે દિવાળી પહેલા સારા સમાચાર મળશે પણ સુપ્રીમ કોર્ટે મામલો ટાળી દીધો છે. જે કોર્ટનો અધિકાર છે.

જ્યારે કોર્ટને પૂછવામાં આવ્યુ કે આ અંગે તમે ક્યારે જાણકારી આપશો ત્યારે કોર્ટે કહ્યુ હતુ કે અમારી પ્રાથમિકતા અલગ છે.આ જવાબથી દુખ થયુ છે.સુપ્રીમ કોર્ટના જવાબથી હિન્દુઓ અપમાનિત થયા છે.સુપ્રીમ કોર્ટ આ મામલાની વહેલી તકે સુનાવણી કરે. ન્યાયપાલિકાની જવાબદારી બને છે કે લોકોની ભાવનાઓનુ સન્માન કરે.જો કોઈ વિકલ્પ ના બચતો હોય તો સરકારે પણ તેના પર વિચાર કરવો પડશે.

મીટુ મામલે વધુ એક આરોપ

એમજે અકબર પર વધુ એક મહિલા પત્રકારે લગાવ્યા આરોપ

નવી દિલ્હી

નેશનલ પબ્લિક રેડીયો (એનપીઆર)ની ચીફ બિઝનેસ એડિટર પલ્લવી ગોગાઈએ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપ સાંસદ એમજે અકબર પર રેપનો આરોપ લાગ્યો છે. તેમના જણાવ્યા મુજબ ૨૩ વર્ષ પહેલા જ્યારે તે એશિયન એઝમાં કામ કરતી હતી ત્યારે ત્યાં સંપાદક રહેલ એમજે અકબરે તેમના પર બળાત્કાર ગુજાર્યો હતો. મહત્વનુ છે કે તમામ મહિલાઓ તરફથી યૌન શોષણના આરોપ સામે આવ્યા બાદ એમજે અકબરે વિદેશ રાજ્ય મંત્રી પદ પરથી રાજીનામુ આપવુ પડ્યુ હતું. વરીષ્ઠ પત્રકાર પલ્લવી ગોગોઈએ વોશિંગ્ટન પોસ્ટમાં એક લેખ લખીને વિસ્તારથી જણાવ્યુ કે, ૧૯૯૪માં અકબરે તેની સાથે કઈ રીતે દુષ્કર્મ આચર્યુ. વોશિંગટન પોસ્ટે આ સંબંધમાં એમજે અકબરના વકીલ સંદીપ કપૂરને સંપર્ક કર્યો તો તેમણે જવાબ આપ્યો કે, અકબરે આ આરોપોને ફગાવ્યા છે. પલ્લવીએ પોતાના લેખમાં લખ્યુ કે જ્યારે તે એક ઓપ એડ પેઝ તૈયાર કરી અકબરને દેખાડવા લઈ ગઈ તો તેમણે પ્રશંસા કરી. ત્યારબાદ અચાનક તે તેને કિસ કરવા ગયા. પલ્લવીએ લખ્યુ કે તે અકબરના કેબિનથી ગભરાઈને બહાર આવી ગઈ.મહત્વનુ છે કે, એમજે અકબર પર આ પહેલા પણ ૧૫થી વધુ મહિલાઓએ યૌન શોષણના આરોપ લગાવ્યા હતા.

OMG...નેટફ્લિક્સની લતના કારણે યુવક હોસ્પિટલ પહોંચી ગયો..!!

બેંગલુરુ

અત્યાર સુધી તમે અલગ અલગ પ્રકારના માદક દ્રવ્યોના વ્યસનીઓ વિશે જાણ્યું હશે. તેવામાં તમને જાણીને આશ્ચર્ય થશે કે કોઈ વ્યક્તિને ઓનલાઈન વીડિયો સ્ટ્રીમિંગ નેટફ્લિક્સની લત લાગી હોય. જી હાં, બેંગલુરુમાં રહેતા એક વ્યક્તિને નેટફ્લિક્સનું વળગણ લાગ્યું છે. નેટફ્લિક્સની લત આ યુવકને એવી લાગી છે કે તેને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી અને તેની હાલત જોઈ ડોક્ટરો પણ ચિંતામાં પડી ગયા છે.

બેંગલુરુના રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થ્ય અને તંત્રિકા વિજ્ઞાનમાં આ યુવકની સારવાર ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે ૨૬ વર્ષીય આ યુવકએ જ તેની લત વિશે ડોક્ટરોને જણાવ્યું હતું. ડોક્ટરના જણાવ્યાનુસાર, યુવક પર તેના પરીવારના સભ્યો કારર્કિદી બનાવવા દબાણ કરી રહ્યા હતા. આ માનસિક તાણથી બચવા યુવક નેટફ્લિક્સ જોવા લાગ્યો અને ધીરે ધીરે તેને લાગ્યું કે તે નેટફ્લિક્સ જુએ છે ત્યારે તેને માનસિક તાણ ઘટી જાય છે. તેના કારણે તે વધારેને વધારે વીડિયો નેટફ્લિક્સ પર જોવા લાગ્યો. ધીરે ધીરે તે દિવસના ૧૦ કલાક ઓનલાઈન વીડિયો જોવા લાગ્યો. ૬ માસથી વીડિયો જોવાના કારણે યુવકની હાલત ખરાબ થઈ અને તેણે આ આદતથી છૂટવા માટે ડોક્ટરનો સંપર્ક કરવો પડ્યો.

સામી દિવાળીએ જંગી રકમનો માલ ખરીદી બે વેપારી ફરાર

સુરત

રિંગરોડ આશના ટેક્સટાઈલ્સ તથા શ્રીનાથજી ત્રિવિધ ચેમ્બર્સના એક વેપારી પાસેથી અલગ-અલગ બિલથી યાર્નનો માલ ખરીદ્યો હતો. ત્યારબાદ પેમેન્ટ નહીં ચૂકવી રૂા.૫૧.૩૮ લાખનો વિશ્વાસઘાત કરી બે આરોપીઓ ફરાર થઈ ગયા હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ ટીજીબી હોટલની ગલીમાં શાંતિદીપ રેસીડેન્સી ખાતે હેમેન્દ્રભાઈ શાહ રહે છે. તેમની એક કાપડની દુકાન રિંગરોડ આશના ટેક્સટાઈલ તથા શ્રીનાથજી ત્રિવિધ ચેમ્બર્સમાં આવેલી છે. લસકાણા નગર ડાયમંડ નગર ખાતે આવેલી કલથીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિભાગ-૨ના શૈલેષભાઈ તોગડીયા તથા હસમુખ સાભડીયા વગેરેઓએ તેમની પાસેથી યાર્નનો મસમોટો જથ્થો ખરીદ્યો હતો. જુદી જુદી તારીખે ખરીદેલા આ મસમોટા યાર્નના જથ્થાની કિંમત રૂા.૫૧.૩૮ લાખનો થાય છે. ત્યારબાદ આજદિન સુધી પેમેન્ટ નહીં ચૂકવી હેમેન્દ્ર શાહ નામના વેપારી સાથે ૫૧.૩૮ લાખનો વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે આઈપીસી ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પુણામાં દુકાનની દીવાલમાં બાકોરું પડી ચોરી

રોકડ અને બે ચાંદીના સિક્કા ચોરાયા, એક ચોર સીસી ટીવીમાં કેદ

સુરત

પુણા સ્થિત આઈમાતા રોડ, ભાગ્યોદય ઈન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ તથાસ્તુ એન્ટરપ્રાઈઝની દુકાનમા ત્રાટકેલા તસ્કરો રોકડા ૬૦ હજાર અને બે ચાંદીના સિક્કા ચોરી ફરાર થઈ ગયા હતા જોકે દુકાનમાં ચોરી કરવા ઘૂસેલો એક તસ્કર સીસી ટીવીમાં કેદ થઈ ગયો છે

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પુણા- પર્વત પાટિયા ખાતે રહેતા ગોપાલભાઈ ધીરુભાઈ અકબરી આઈમાતા રોડ, ભાગ્યોદય ઈન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલ તથાસ્તુ એન્ટર-ાઈઝની દુકાન ધરાવે છે તેમની દુકાનમાં ગઈ રાત્રી સમયે મોઢા પર માસ્ક બાંધેલ ઈસમ ઉ.વ.આશરે ૨૫ થી ૩૦ ની ઉમરનો એક ચોર ઘુસ્યો હતો માત્ર હાફ ચડ્ડી પહેરીને ત્રાટકેલા આ અજાણ્યો દુકાનના ઉપર છતના ભાગે પી.ઓ.પી. કરેલ છતની દિવાલમા બાકોરુ પાડી રોકડા રૂપિયા ૬૦,૦૦૦ તેમજ બે ચાંદીના સિક્કા ચોરી કરી નાસી છુટ્યો હતો ચોરીના બનાવ અંગે ગોપાલભાઈ અકબરીએ પુણા પોલીસ મથકમાં ફરિયાદ નોધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

રાણપુરમા સ્વ.દિલીપભાઈ શેઠ ની છઠ્ઠી પુણ્યતિથી નિમિતે M.A.શેઠ સ્કુલના ૬૦૦ બાળકોને બટુકભોજન કરાવ્યુ



બોટાદ જીલ્લાના રાણપુરના સ્વ શ્રી દીલીપભાઈ પરીખ(શેઠ)ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિતે રાણપુર માં આવેલ મનુભાઈ શેઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે દીલીપભાઈ પરીખ(શેઠ)ના નાના ભાઈ વિજયભાઈ પરીખ અને બહેન નયનાબેન પરીખ દ્વારા સ્કુલના ૬૦૦ કરતા પણ વધુ બાળકોને બટુકભોજન કરાવ્યુ હતુ જેમા શાક,પુરી,બુંદી,ગાઠીયા,નુ બાળકો ને પેટ ભરીને બટુકભોજન કરાવ્યુ હતુ વિજયભાઈ અને નયનાબેન ને પોતાના હાથે બાળકો ને ભોજન કરાવ્યુ હતુ અને સ્કુલના ૬૦૦ કરતા પણ વધુ બાળકો આ ભોજન કરીને ખુશ થયા હતા આ પ્રસંગે રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા તેમના ધર્મ પત્ની મધુબેન વઢવાણા,રાણપુર એપીએમસીના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,આચાર્ય ર્િવણાબેન સોલંકી,વામનભાઈ લુહાર,ચંપકસિંહ સહીત સ્કુલ નો સ્ટાફ હાજર રહ્યો હતો આ અંગે વિજયભાઈ પરીખ સાથે વાત કરતા તેમને જણાવ્યુ હતુ કે અમારા મોટાભાઈ સ્વ દીલીપભાઈ પરીખ ની આજે છઠ્ઠી પુણ્યતિથિ છે તે નિમિતે મનુભાઈ શેઠ સ્કુલના ૬૦૦ કરતા વધુબાળકો ને બટુકભોજન કરાવ્યુ છે અને અમારા મોટાભાઈ સ્વ દીલીપભાઈ પરીખ ને પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાથના

અડાજણમાંથી ભારત-વેસ્ટઇન્ડીઝ વચ્ચેની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા એક ઝડપાયો

અન્ય એક સટ્ટોડિયાને વોન્ટેડ જાહેર કરાયો

સુરત

ગઈ કાલે અડાજણ પોલીસે અડાજણ પાલ ગેલેક્ષી સર્કલ પાસે આવેલ સ્તુતિ રેસીડેન્સીના ત્રીજા માળે આવેલ બિલડીંગ નં.સી/૮ ફ્લેટ નં.૩૦૨માં ધમધમતા સટ્ટા-બેટીંગનું નેટવર્ક ઝડપી પડ્યું હતું અને ભારત-વેસ્ટનડીઝ વચે રમાયેલી પાંચમી વન-ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા એક સટોડિયાને રૂ.૪૩ હજારની મતા સાથે ઝડપી પડ્યો હતો જયારે બીજાને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પોલીસે ગઈ કાલે અડાજણ પાલ ગેલેક્ષી સર્કલ પાસે આવેલ સ્તુતિ રેસીડેન્સીના ત્રીજા માળે આવેલ બિલડીંગ નં.સી/૮ ફ્લેટ નં.૩૦૨માં રેઈડ કરી હતી રેઈડ દરમિયાન પોલીસે ભારત-વેસ્ટનડીઝ વચ્ચે રમાયેલી પાંચમી વન-ડે ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા જયેશભાઈ ગણેશભાઈ ચૌધરી.(ઉવ.૩૭.રહે.બિલડીંગ નં.સી/૮ ફ્લેટ નં.૩૦૨ ત્રીજા માળે સ્તુ.તિ રેસીડેન્સી ગેલેક્ષી સર્કલ પાસે પાલ અડાજણ સુરત.મૂળ રહે-ડાવોલગામ તા.ખેરાલુ. જી.મહેસાણા)ને ઝડપી પાડ્યો હતો આ ઉપરાંત પોલીસે સ્થળ પરથી મોબાઈલ ફોન નંગ-૩ કિં.રૂ.૬૦૦૦, લેપટોપ નંગન્-૧ કિં.રૂ.૧૦,૦૦૦, રોકડા રૂ.૨૭૦૦૦ મળી કુલ્લે કિં.રૂ.૪૩,૦૦૦ની મત્તા કબજે કરી હતી તેમજ ભાગી છુટેલા અન્ય એક આરોપી ન્યિાંક ઉર્ફે પિન્ટુગ દિનેશભાઈ ઠક્કરને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી

શનિવારથી તીથલ ખાતે બીચ ફેસ્ટિવલ-૨૦૧૮નો શુભારંભ થશે

પ્રવાસન નિગમના ચેરમેન ફેસ્ટિવલને ખુલ્લો મુકશે

વલસાડ

વલસાડના તિથલ બીચ ખાતે તા.૩/૧૧/૨૦૧૮ થી તા.૨/૧૨/૨૦૧૮ દરમિયાન યોજાનાર બીચ ફેસ્ટિવલનું ઉદઘાટન તા.૩/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૫-૩૦ કલાકે આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવશે. આ અવસરે સાંસદ ડૉ.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, ધારાસભ્યો સર્વે ભરતભાઈ પટેલ, કનુભાઈ દેસાઈ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલ, ગુજરાત પ્રવાસન નિગમ લી.ના અધ્યક્ષ કમલેશ પટેલ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર ગજેન્દ્રસિંહ જાડેજા તેમજ તિથલ ગામના સરપંચ આરતીબેન પટેલ હાજર રહેશે. આ કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણ તેમજ ગુજરાત પ્રવાસન નિગમ લી.ના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રવાસન કમિશનર જેવુ દેવન દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સુરતમાં સગર્ભા અને ધાત્રી માતાની ઈ નોંધણીની નબળી કામગીરી

સુરત

સુરત જિલ્લા કોઈના કોઈ કામમાં આળપડતો રહેતો હોય છે પરંતુ સુરત જિલ્લામાં સગર્ભા અને ધાત્રી માતાની ઈ નોંધણીની નબળી કામગીરી રહી છે.

મળતી માહિતી પ્રમાણે સુરત જિલ્લા આરોગ્ય તંત્રની પ્રસૂતા અને સગર્ભા માતાઓની કાળજ લેવા સંદર્ભી રાજય સરકારની ઈ મમતા પ્રોજેક્ટની કામગીરી અંતર્ગત નબળી ૯૦ ટકાથી પણ ઓછી હોવાનો ચોંકાવનારો રિપોર્ટ બહાર આવ્યો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પોસ્ટ મોર્ટમ જ નહીં પરંતુ સગર્ભા મહિલાઓની પ્રસુતિ અને ત્યાર બાદ માતા અને જન્મજાત બાળકની તમામ રસી મૂકવા સહિતની કામગીરીમાં પણ વેઠ ઉતારવામાં આવી રહી હોવાનું બહાર આવ્યું છે.

એક અહેવાલ પ્રમાણે રાજયભરના આરોગ્ય તંત્રની ઈ મમતા અંતર્ગત થતી કામગીરીનું મુખ્યમંત્રી દ્વારા સી. એમ. ડેશબોર્ડ અંતર્ગત રિવ્યું કરવામાં આવે છે. જેમાં સુરત જિલ્લાની કામગીરી તમામ મોરચે નિષ્ફળ અને કંગાળ રહેવા પામી હોવાનું નોંધાયું છે. જેને પગલે આરોગ્ય અધિકારીએ તમામ કર્મચારીઓને નબળી કામગીરીની વાર્ષિક અહેવાલમાં નોંધ કરવાની નોટિસ આપવી પડી છે.

વરીયાવ ગામના ખેતરમાંથી જુગાર રમતા ૭ ઝડપાયા

૬ મોબાઈલ મળી કુલ રૂ.૧.૯૪ લાખની મતા જપ્ત

સુરત

જહાંગીરપુરા પોલીસે વરીયાવગામ ઘોડા ગળનાળાથી શેરડીગામ તરફ જતા રોડથી નહેરની સામે ખુલ્લા ખેતરમાં ઝાડની નીચે જુગાર રમતા ૭ લોકોને ઝડપી પડી કુલ રૂ.૧.૯૪ લાખની મતા કબજે કરી હતી

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર જહાંગીરપુરા પોલીસે વરીયાવગામ ઘોડા ગળનાળાથી શેરડીગામ તરફ જતા રોડથી નહેરની સામે ખુલ્લા ખેતરમાં દરોડો પડ્યો હતો તેમજ પોલીસે દરોડા દરમિયાન ગંજીપાનાનો જુગાર રમતા જીગ્નેશભાઈ મનશુખભાઈ વરીયા, અર્જુનભાઈ કેશવભાઈ શર્મા, રશીદ જબ્બર શેખ, સાહીદ શબ્બીર શેખ, સોહેલ હસન પટેલ, બસીર યાકુબ પટેલ તથા જીતેનભાઈ ઘનશ્યામભાઈ ભીંગરાડીયા સહિત સાત લોકોને ઝડપી પડ્યા હતા તેમજ પોલીસે ૬ મોબાઈલ અને રોકડ મળી કુલ રૂ. ૧,૯૪,૮૪૦ની મત્તા કબજે કરી હતી અને કાયદેસરની કાર્યવાહી કરી હતી

હિન્દુ દેવી-દેવતાઓની તસ્વીરો વાળા ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકો

સાંસ્કૃતિક રક્ષા સમિતિ દ્વારા કલેક્ટર સમક્ષ માંગ

સુરત

હિન્દુ દેવી-દેવતાના પોસ્ટર તથા ફોટાવાળા ફટાકડાઓના બનાવટ, વેચાણ તથા ફોડવા પર પ્રતિબંધ લગાવવા બાબતે સુરત કલેક્ટરને પાઠવાયેલા આવેદનમાં સાંસ્કૃતિક રક્ષા સમિતિના સુરત શહેરના આગેવાનો આશિષભાઈ સૂર્યવંશી, ચેતનભાઈ આવકલે, હરીશભાઈ પાટીલ, યોગેશભાઈ બોરસે, દિનેશભાઈ પાટીલ વગેરેએ જણાવ્યું છે કે, ભારત દેશમાં કેટલાકો વર્ષોથી દિવાળી તથા અન્ય ઉજવણીના ભાગરૂપે ફટાકડાઓ ફોડવાની પરંપરા ચાલી આવેલી છે. કેટલીક કંપનીઓ દ્વારા ફટાકડાઓ ઉત્પાદનમાં હિંદુ દેવી દેવતાઓના ફોટો તથા પોસ્ટરો લગાડવામાં આવે છે. (લક્ષ્મીબોમ્બ વગેરે) તે ફટાકડાઓ જ્યારે ફુટે છે ત્યારે દેવી દેવતાના ફોટાઓના ચીઠરા ઉડી જાય છે અને જેના કારણે હિન્દુ ધર્મની લાગણી દુભાઈ અને ધર્મનું તથા દેવી દેવતાઓનું અપમાન થાય છે. આપણી સંસ્કૃતિ વિશ્વમાં વિખ્યાત છે. આપણા ધર્મનું તથા દેવી દેવતાઓનું પૂંજન આખુ વિશ્વ કરે છે.

સાંસ્કૃતિક રક્ષા સમિતિ હંમેશા દેશમાં અન્યાય સામે લડત આપતી આવેલી છે. જેથી આપને વિનંતી કરવામાં આવે છે કે, દેશમાં લક્ષ્મી બોમ્બ જેવા હિન્દુ દેવી દેવતાઓના ફોટાવાળા ફટાકડા બનાવનારી કંપનીઓને તાકીદે જણાવી આવા ફોટાવાળા ફટાકડાઓ પર રોક લગાવવામાં આવે તેમજ તેનું વેચાણ અટકાવવામાં આવે તેમજ આ વર્ષની દિવાળીમાં તથા હવે પછીના દિવસોમાં આવા ફટાકડાઓના વેચાણ સુરત શહેર જિલ્લા તથા ભરતના કોઈપણ ખુણે થાય નહીં તેવી ગોઠવણી તાત્કાલિક કરવામાં આવે.

૨૪ મહિલા હોમગાર્ડે ઉપરી અધિકારી પર શોષણનો આરોપ મુકતા પોલીસબેડામાં ફફડાટ

સુરત

હોમગાર્ડમાં ફરજ બજાવતી ૨૪ જેટલી મહિલાઓ પોલીસ કમિશનર કચેરી પહોંચી હતી. ઉપરી અધિકારીઓ (ઓફિસર કમાન્ડિંગ) દ્વારા શારીરિક માનસિક અને જાતિય શોષણ કરતાં હોવાના આરોપ સાથએ પોલીસ કમિશનર કચેરી ફરિયાદ કરવા પહોંચી હતી.

મહિલા હોમગાર્ડસએ પોલીસ કમિશનર કચેરી પહોંચીને આરોપ લગાવ્યાં હતા કે, ઉપરી અધિકારીઓ દ્વારા તેમનું શોષણ કરવામાં આવી રહ્યું છે. માનસિક શોષણ કરવાની સાથે સાથે તેમને ઘરકામ માટે અધિકારીઓ બોલાવી તેના ઘરના કામો પણ કરાવે છે.

ઓફિસર કમાન્ડિંગ દ્વારા હોમગાર્ડ્સ બહેનોને ખોટી રીતે શારીરિક સ્પર્શ કરવામાં આવતો હોવાનો પણ આરોપ મુકવામાં આવ્યો છે. મહિલાઓએ રોષે ભરાઈને જાતિય શોષણની વિરુધ્ધમાં અવાજ બુલંદ કર્યો છે.

પોલીસ કમિશનર કચેરી ખાતે પહોંચેલી મહિલાઓએ જણાવ્યું હતું કે, અગાઉ પણ અમે અનેકવાર અરજી આપી ચુક્યા છીએ. પરંતુ કોઈ નિરાકરણ ન આવતાં તેઓ પોલીસ કમિશનર કચેરી ખાતે પહોંચીને રૂબરૂ મળીને ફરિયાદ કરવા પહોંચી છે.

બેંક એકાઉન્ટમાંથી ૧.૪૮ લાખ ગાયબ

સુરત

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટ ધારકના ખાતામાંથી રૂા.૧.૪૮ લાખ ગાયબથઈ ગયા હતા. કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વરાછા માતાવાડી ભગુનગરમાં રહેતાં નરેશ નાગજી હિરપરાના કતારગામ સ્થિત એસબીઆઈ બેંક એકાઉન્ટમાંથી કોઈ અજાણ્યા વયક્તિએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી રૂા.૧.૪૮ લાખ ઉપાડી લીધા હતા. કતારગામ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



પીપલોદ સ્થિત શારદાયત અંગ્રેજી માધ્યમ શાળા ખાતે તા.૨ જી નવેમ્બરના રોજ રંગોળી હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમા શાળાના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રંગમિશ્રત-રંગમેળયુકત કલાત્મક રજૂઆત કરવામાં આવી હતી.